ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રી માટે નવું વાહન ખરીદવા અંગેની રૂ.૦.૨૦ કરોડની નવી બાબત વર્ષ; ૨૦૨૬-૨૭

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/EOD/e-file/17/2025/2855/A Section
સચિવાલય, ગાંધીનગર
તા: ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા**:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૦/૦૩/૨૦૨૬ નો પત્રાંક: DDCW/MKM/e-file/225/2025/0640/M-Branch-Admin

**આમુખ**: -

સરકારશ્રી દ્વારા બિન અનામત વર્ગો/જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે રાજ્ય કક્ષાએ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રી માટે નવું વાહન ખરીદવા અંગેની રૂ.૦.૨૦ કરોડની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે, જેને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રી માટે નવું વાહન ખરીદવા અંગેની રૂ.૦.૨૦ કરોડની વર્ષ: ૨૦૨૬-૨૭ ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો**:-

(૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

(૨) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૩) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્ય.વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૧૩૩૧૯/ઘ ની ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.

(૫) નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.

(૬) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની

રહેશે.

(૧૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેક્ટર -ખ સામાજિક સેવાઓ, સબ સેક્ટર -ગ અનુ.જાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૮૦ જનરલ(સામાન્ય), ગૌણ સદર- ૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય, પેટા સદર- (૦૧) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની જોગવાઇઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગના પરામર્શમાં સક્ષમએથી તા:૦૯/૦૪/૨૦૨૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sd/-
સમીર ગરાસિયા
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના**: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં) ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

Signature Not Verified
Signed by: Samir Garasia
Section Officer
Date:2026.05.04
12:29:53 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign